# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-01-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. મારૂતિ સુઝૂકી ગાંધીનગરમાં 35 હજાર કરોડ રૂપિયાના રોકાણથી નવા વાહન નિર્માણનો પ્લાન્ટ સ્થાપિત કરશે.
2. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બાળકીઓ અને મહિલાઓ સામેના ગુનાઓ અંગે સરકારની "શૂન્ય સહિષ્ણુતા"ની નીતિનો પુનરોચ્ચાર કર્યો
3. સુપ્રસિદ્ધ મોઢેરા સૂર્ય મંદિર ખાતે આજથી બે દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ
4. રાજ્યમાં મેટ્રો ટેનની દૈનિક મુસાફરીમાં ત્રણ વર્ષમાં ચાર ગણો વધારો
5. ICC-ની 19 વર્ષથી ઓછી વયના ખેલાડીઓના વિશ્વકપમાં ભારતે બાંગ્લાદેશને જીતવા 239 રનનો લક્ષ્યાંક આપ્યો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT SUZUKI PLANT

મારૂતિ સુઝૂકી ગાંધીનગરના ખોરાજમાં 35 હજાર કરોડ રૂપિયાના રોકાણથી વિશાળ નવા વાહન નિર્માણનો પ્લાન્ટ સ્થાપિત કરશે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં રાજ્ય સરકાર અને મારૂતિ સુઝૂકી ઇન્ડિયા લિમિટેડ વચ્ચે રોકાણ માટેના પત્ર સોંપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

(V/C- AJAY INDREKAR)

*(.....એક હજાર 750 એકર જમીનમાં ફેલાયેલા આ નવા પ્લાન્ટમાં ચાર એકમ હશે, જેમાંથી દરેકની ક્ષમતા બે લાખ 50 હજાર કારની હશે. તેનાથી કુલ ઉત્પાદન દર વર્ષે 10 લાખ એકમ સુધી પહોંચશે. નાણાકીય વર્ષ 2029 સુધી પહેલા પ્લાન્ટથી ઉત્પાદન શરૂ કરવાનું કંપનીનું આયોજન છે. આ પરિયોજનાનું સ્વાગત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું,  આ સુવિધા દેશના સૌથી મોટા અને સૌથી પ્રતિસ્પર્ધી ઓટોમોબાઈલ ઉત્પાદન કોરિડોરને વધુ મજબૂત બનાવશે. આ પરિયોજનાથી આસપાસના વિસ્તારોમાં આનુષંગિક એકમ અને નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ દ્વારા 12 હજારથી વધુ લોકો માટે રોજગારીનું સર્જન થવાની અને અંદાજે સાત લાખ 50 હજાર લોકો માટે રોજગારીની તકનું સર્જન થવાની અપેક્ષા છે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

----------

# SANGHAVI ON POCSO

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં બાળકીઓ અને મહિલાઓ સામેના ગુનાઓ માટે સરકારની "શૂન્ય સહિષ્ણુતા"ની નીતિ સ્પષ્ટ હોવાનું જણાવ્યું. અમદાવાદમાં એક કાર્યક્રમમાં સંબોધન કરતા શ્રી સંઘવીએ કહ્યું , રાજકોટમાં આટકોટના જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ - પોક્સો કેસમાં પ્રાથમિક તપાસ અહેવાલ – F.I.R.થી લઈ સજા સુધીની સમગ્ર પ્રક્રિયા માત્ર 40 દિવસમાં પૂર્ણ થઈ છે. દીકરીઓ પર હાથ ઉઠાવનારાંઓને કડક સજા કરવાની પ્રતિબદ્ધતાનો પણ તેમણે પુનરોચ્ચાર કર્યો હતો.**

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

----------

## MODHERA UTTRARDH

મહેસાણામાં મોઢેરાના ઐતિહાસિક સર્યમંદિર ખાતે આજથી બે દિવસનો ઉત્તરાર્ધ મહોત્સવ યોજાશે. શાસ્ત્રીય નૃત્યોની ગુરુ-શિષ્ય પરંપરાના આ મહોત્સવમાં વિશ્વ વિખ્યાત કલાકારો નૃત્યરસિકોને કળાનું પાન કરાવશે.

સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિના 'અર્ધ' અવસરે મોઢેરાના પ્રાંગણમાં આજે પહેલા દિવસે કલાકાર રમિન્દર ખુરાના ઓડીસી , મિનાક્ષી શ્રીયન ભરતનાટ્યમ્ , માયા કુલશ્રેષ્ઠા કથ્થક , પેરી કૃષ્ણ હર્ષિતા

ભરતનાટ્યમ્,  ડૉક્ટર શ્રુતિ બંદોપાધ્યાય મણિપુરી અને બીના મહેતા કુચિપુડી દ્વારા તેમની કળા રજૂ કરશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------

## METRO TRAIN PASSANGER

રાજ્યમાં મેટ્રો ટ્રેનની દૈનિક મુસાફરીમાં ગત ત્રણ વર્ષમાં ચાર ગણો વધારો થયો છે. હાલ ટ્રેનમાં દરરોજ પ્રવાસ કરનારાઓની સંખ્યા દોઢ લાખ સુધી પહોંચી છે. વર્ષ 2023 દરમિયાન દર મહિને સરેરાશ 27 લાખ મુસાફરોએ મેટ્રો ટ્રેનનો ઉપયોગ કર્યો. વર્ષ 2024માં આ સંખ્યા વધીને 35 લાખ સુધી પહોંચી છે. જ્યારે વર્ષ 2025માં આ આંકડો 44 લાખને પાર પહોંચ્યો હતો.

(VOICECAST: JAYESH PATEL)

***(..... અમદાવાદ-ગાંધીનગર મેટ્રો સેવા ઝડપી , સલામત અને વિશ્વસનીય જાહેર પરિવહનનું ઉદાહરણ બની છે. તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ મેટ્રો ટ્રેનના બીજા તબક્કા હેઠળ ગાંધીનગરના મહાત્મા મંદિર સુધીની મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવતા મેટ્રોનું નેટવર્ક 68 કિલોમીટરનું થયું છે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે હાલ 53 મથક પરથી દરરોજ લાખો મુસાફરો ટ્રેનમાં પ્રવાસ કરે છે. ઓક્ટોબર 2022થી ડિસેમ્બર 2025 દરમિયાન 11 કરોડ 50 લાખથી વધુ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.***

***જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)***

----------

## JADUI PITARA EDUCATION

રાજ્યની તમામ સરકારી બાળવાટિકા તથા ધોરણ એક અને બે-ના વિદ્યાર્થીઓ "જાદુઈ પિટારા "થી આનંદદાયી શિક્ષણ મેળવશે. બાળકો ગોખણિયા શિક્ષણની જગ્યાએ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે માટે રાજ્ય સરકારે આ પહેલ કરી છે. જાદુઈ પિટારા થકી બાળકોને રમત , કળા, સંગીત, નવાચાર , પ્રવૃત્તિ-પ્રોજેક્ટ, સહપાઠી શિક્ષણ , મહાવરો, મૂલ્યાંકન જેવા વિવિધ પ્રયાસથી રમકડાં આધારિત શિક્ષણ આપનારું ગુજરાત પ્રથમ રાજ્ય હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

રાજ્ય સરકાર દ્વારા તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળવાટિકા તેમજ ધોરણ એક અને બે-ના બાળકો માટે 74 હજારથી વધુ "જાદુઈ પિટારા" આપવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ પિટારાનો રાજ્યના 12 લાખ 35 હજારથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે.

----------

## AKHAND SHAKTI TRISHUL

બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે અમદાવાદમાં "અખંડ શક્તિ ત્રિશૂળ"ના દર્શનનો પ્રારંભ કરાવ્યો. ભક્તો વટવામાં "અમદાવાદ

ઍન્જિનિયર્સ" ખાતે 18થી 21 જાન્યુઆરી સુધી દરરોજ બપોરે ત્રણથી રાત્રે આઠ વાગ્યા સુધી દિવ્ય ત્રિશૂળના દર્શન કરી શકશે. આ અંગે કલેક્ટરશ્રીએ કહ્યું, ઉત્તરકાશીમાં સ્થિત પંદર સો વર્ષ જૂના પવિત્ર શક્તિ ત્રિશૂળની પ્રતિકૃતિ પવિત્ર ત્રિશૂલિયા ઘાટ પર પ્રસ્થાપિત થતા શક્તિ ઉપાસકો માટે આસ્થાનું વધુ એક કેન્દ્ર ઉમેરાશે.

**(BYTE: MIHIR PATEL, COLLECTOR, BANASKANTHA)**

----------

## AMDAVAD DEMOLITION

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આજે જમાલપુરમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને લઈ રસ્તા પરના દબાણ દૂર કરાયા. મહાપાલિકાની ઍસ્ટેટ વિભાગની ટુકડીએ જમાલપુરમાં જગન્નાથ મંદિરની આસપાસ ખૂબ મોટા પ્રમાણમાં લારી ધરાવતા લોકો સામે કાર્યવાહી કરી. તેમજ શાકભાજી સહિતનો સામાન જપ્ત કરાયો છે. મહાપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં થયેલી ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું.

----------

## EVE WEATHER FORECAST

રાજ્યભરમાં હાલ ઠંડીનું જોર ઘટ્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે , આગામી સાત દિવસ રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે. દરમિયાન રાજ્યમાં હાલ 10 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. આ સિવાયના જિલ્લામાં લઘુત્તમ તાપમાનનો પારો 10 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયો છે.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)**

----------

## EVE INDIA BANGLADESH U19 MATCH

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ - ICCની 19 વર્ષથી ઓછી વયના ખેલાડીઓના વિશ્વકપની સ્પર્ધામાં આજે ભારત અને બાંગ્લાદેશની ટીમનો મુકાબલો થઈ રહ્યો છે. ઝિમ્બાબ્વેમાં રમાતી મૅચમાં ભારતીય ટીમ પહેલા બેટિંગ કરી 48 ઑવર ચાર બૉલમાં 238 રન બનાવી ઑલઆઉટ થઈ છે. ટીમ તરફથી સૌથી વધુ 80 રન અભિજ્ઞાન કુંડુએ અને 72 રન વૈભવ સૂર્યવંશીએ કર્યા છે. જ્યારે બાંગ્લાદેશના બૉલર અલ ફહાદે સૌથી વધુ પાંચ વિકેટ લીધી છે. વરસાદ થતાં મૅચને 49 ઑવરની કરવામાં આવી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, બાંગ્લાદેશની ટીમે 15.1 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 80 રન કર્યા છે.

----------

## BHARUCH NAGARPALIKA

ભરૂચ નગરપાલિકાએ રસ્તા પર રઝળતા શ્વાનના રસીકરણ અને ખસીકરણની કાર્યવાહી શરૂ કરી છે. ગત 15 દિવસમાં નગરપાલિકા દ્વારા 150થી વધુ શ્વાનને બચાવાયા છે અને તેમાંથી 80થી વધુ શ્વાનનું રસીકરણ અને ખસીકરણ પૂર્ણ કરી તેમને સલામત રીતે મુક્ત કરાયા છે. રઝળતા શ્વાન વાહનચાલકોની પાછળ દોડતા અને લોકો પર હુમલા કરતા હોવાની અનેક ફરિયાદના આધારે આ કાર્યવાહી હાથ ધરાઈ છે.

----------

## 1 DAY 1 DISTRICT DAHOD

પ્રભારી રાજ્ય પોલીસ વડા ડૉક્ટર K.L.N. રાવે "વન ડે વન ડિસ્ટ્રિક્ટ – એક દિવસ એક જિલ્લો " પહેલ અંતર્ગત દાહોદમાં ઉચ્ચસ્તરની બેઠક યોજી. વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી યોજાયેલી બેઠકમાં તેમણે જિલ્લાની કાયદો-વ્યવસ્થા અને માળખાકીય સુવિધાઓની સર્વગ્રાહી સમીક્ષા કરી.

તેમજ દાહોદમાં પોલીસ ચોકી અને આઉટપૉસ્ટને અદ્યતન બનાવવા અને પોલીસ આવાસ તથા વિભાગીય ઈમારતના નિર્માણ માટેના આયોજનની ચર્ચા કરવામાં આવી. ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશ સાથે સરહદ ધરાવતા દાહોદમાં આંતર-રાજ્ય ગુનેગારોને ડામવા

માહિતીની આપ-લે તથા સંયુક્ત કાર્યવાહી પર ભાર મૂકાયો હતો. પ્રભારી રાજ્ય પોલીસ વડાએ પોલીસ ભવનની સંબંધિત શાખાઓને દાહોદની માગણીઓનું તાત્કાલિક પરીક્ષણ કરવા પણ સૂચના આપી હતી.

----------

## DARSHANA VAGHELA -AHMEDABAD

રાજ્યમંત્રી દર્શના વાઘેલા અને સાંસદ દિનેશ મકવાણા એ અમદાવાદના ચંડોળામાં અત્યાધુનિક એસ.ટી.વર્કશોપનું ખાતમુહૂર્ત કર્યું.

ઉપરાંત રાજ્ય મંત્રીએ હાથીજણ વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા નિર્મિત 40 આધુનિક આવાસોના ડ્રો કર્યા. તેમણે કહ્યું 'ઝૂંપડું ત્યાં ઘર' યોજના અંતર્ગત 5 લાખ રૂપિયાના દરે ફાળવવામાં આવેલા મકાનો તમામ સુવિધાઓથી સજ્જ છે. આ આવાસોની વિશેષતા એ છે કે રહેવાસીઓનો વીજળી ખર્ચ ઘટાડવા સોલર પેનલ્સ પણ લગાવવામાં આવી છે.

----------